





# નર્મદા જિલ્લામાં વાવાઝોડાથી ૫૦૦ એકર કેળનો પાક જમીનદોસ્ત

**ખાતર,** પાણી, દવા સાથે મહામહેનતે તૈયાર થયેલા કેળના હજારો ઠળિયા જમીનદોસ્ત થઈ જતાં ખેડૂતોને રડવાનો વારો આવ્યો

ભરૂચઃ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ વરસ્યો હતો, જેમાં નર્મદા જિલ્લામાં પણ રવિવાર તા.૯મી જૂનના રોજ સાંજે મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. નર્મદા જિલ્લામાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો.

રાજપીપળા, કેવડિયા સહિતનાં સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જો કે, આ પ્રથમ વરસાદે રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં વાવાઝોડા સાથે ભારે વરસાદથી વિનાશ વેર્યો છે. નર્મદામાં પહેલા વરસાદમાં જ મોટા ભાગના ખેડૂતોના કેળનાં ખેતરોમાં સર્વત્ર વિનાશ વેરાતાં કેરી, કેળ અને પપૈયાના ઊભા પાકને મોટું નુકસાન થયું છે.

જો કે, આ વરસાદે માત્ર ખેડૂતોને જ નહીં, પરંતુ સ્થાનિક ગરીબોને પણ રડાવ્યા છે. કેટલાકનાં કાચાં મકાનોનાં છાપરાં ઊડતાં તેઓ ઘરવિહોણા થઈ ગયા હતા. આથી લોકો હવે ઘરની બહાર રહેવા મજબૂર બન્યા છે.

નર્મદા જિલ્લામાં ખાસ કરીને ગુવાર, માંગરોળ, રામપુરા, શહેરાવ, ગોપાલપુરા ગામમાં ૫૦૦થી વધુ એકર કેળના પાકને લાખોનું નુકસાન થયું છે. જેથી ખાતર, પાણી દવા સાથે મહામહેનતે તૈયાર થયેલા કેળના હજારો ઠળિયા જમીનદોસ્ત થઈ જતાં ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે. જેથી હવે ખેડૂતો લાચાર બની ગયા છે. ત્યારે સરકાર સરવે કરી નુકસાનીનું વળતર અપાવે તેવી માંગ ઊઠી છે.

# શેરબજારમાં દેવું થઈ જતાં ઓરિસ્સાના યુવાને નર્મદા નદીમાં છલાંગ લગાવી

**છલાંગ** લગાવતાં જ માછીમારોએ બચાવી લીધો, સારવાર અર્થે સિવિલમાં દાખલ



ભરૂચઃ ઓરિસ્સાનો એક યુવક શેર માર્કેટમાં પાયપાલ થઈ ગયા બાદ રહેવા ઘર અને ખાવા માટે પૈસા પણ ન હોવાથી નર્મદા નદીમાં મોતની છલાંગ લગાવી હતી. જો કે, નજીક ઊભેલા નાવિકોએ તાત્કાલિક દોડી આવી યુવકનો જીવ બચાવી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડ્યો હતો.

ઓરિસ્સાથી ત્રણ વર્ષ પહેલાં ગુજરાતમાં રોજગારીની શોધમાં આવેલો યુવક દેબેન્દ્રકુમાર પાન્ડા (ઉં.વ.૨૬) ભરૂચના એક વિસ્તારમાં મકાન ભાડે રાખી દહેજની એક કંપનીમાં નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. પરંતુ તેણે રાતોરાત કરોડપતિ બનવાનાં સપનાં જોઇ શેર બજારમાં સટ્ટામાં ટ્રેડિંગની શરૂઆત કરી હતી. પરંતુ તેની આ આદતે તેને પાયમાલ બનાવી દેતાં તેના માથે લાખો રૂપિયાનું દેવું થઈ ગયું હતું. જેથી કંટાળી સોમવારે તેણે ભરૂચની નર્મદા નદીમાં મોતની છલાંગ લગાવી હતી. જો કે, આ સમયે સેવાભાવી ધર્મેશભાઈ સોલંકી નર્મદા કિનારે હોવાથી આ ઘટનાની જાણ થઈ હતી. જેને લઈ યુવકે જ્યાં છલાંગ લગાવી એ નજીકના માછીમારોએ નાવડી લઈ તેની પાસે પહોંચી નદીમાંથી ખેંચી બહાર કાઢી સારવાર અર્થે મોકલી આપી તેનો જીવ બચાવ્યો હતો.

આ મામલે અંકલેશ્વર પોલીસે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પહોંચી યુવકના જવાબ લેતાં એવો ઘટસ્ફોટ કર્યો હતો કે, શેર માર્કેટની આદતના કારણે તેના પરિવારજનોએ પણ તેને ઘરમાંથી કાઢી મૂક્યો હતો. જેથી ગુજરાત આવી અહીં નોકરી કરી એક મકાનમાં પીજી તરીકે રહેતો હતો. પરંતુ શેર બજારની આદતે તેને નિરાધાર બનાવી દીધો છે. આ યુવક શેર બજારમાં લાખો રૂપિયા હારી ગયો છે. કંપનીનો રૂ.૩૨ હજાર પગાર ઉઠાવી શેર બજારમાં લગાવતાં તે પણ હારી ગયો હતો. જેના કારણે મકાન અને કંપની છોડી અંકલેશ્વરમાં આવેલી બીજી કંપનીમાં નોકરી પર હાજર થવાનો હતો. પરંતુ તેની પાસે ત્યાં જવા માટે ભાડું નહીં હોવાથી આખરે લાગી આવતાં નર્મદા નદીમાં કૂદ્યો હતો. પરંતુ માછીમારોએ તેને બચાવી લીધો હતો.

# ભરૂચના કસક વિસ્તારમાં ભાજપના કાર્યાલયમાં આગ ભભૂકી ઊઠી

**ભાજપ** કાર્યાલયમાં આગ ઓલવવા માટેનાં ફાયરનાં સાધનો ઉપલબ્ધ હતાં તેની તપાસ થવી જોઈએ, ચૂંટણી પતી ગઈ હોવાથી નસીબજોગે કાર્યાલય બંધ હતું



ભરૂચઃ ભરૂચના કસક વિસ્તારમાં આવેલ જિલ્લા ભાજપના કાર્યાલયમાં અચાનક આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી. ફાયર ફાઈટરોએ ગણતરીના સમયમા આગ પર કાબુ મેળવ્યો હતો.

દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ હવે શાંત થયો છે, ત્યારે ભરૂચમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ દોડતા થઈ ગયા હતા. ભરૂચના કસક વિસ્તારમાં જિલ્લા ભાજપનું મુખ્ય કાર્યાલય આવેલું છે. આ કાર્યાલયમાં આજે સવારના સમયે અચાનક જ આગ ફાટી નીકળી હતી. જેના પગલે ધુમાડાના ગોટેગોટા નજરે પડ્યા હતા. બનાવની જાણ કરવામાં આવતા જ ભરૂચ નગર સેવાસદનના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો. આગના આ બનાવમાં કાર્યાલયમાં રહેલો તમામ સામાન બળીને ખાક થઈ ગયો હતો. પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આગનો બનાવ બન્યો ત્યારે કાર્યાલય બંધ હોવાના કારણે કોઈ જાનહાની થઈ ન હતી.

# રાજપીપળામાં જજની કામગીરીથી નારાજ વકીલોની અચોક્કસ મુદતની હડતાળ!

**બાર** એસોસિએશને કોર્ટની કામગીરીથી અળગા રહેવાનો ઠરાવ કર્યો



ભરૂચઃ નર્મદા જિલ્લાના બાર એસોસિએશનનાં પ્રમુખ વંદના ભટ્ટની અધ્યક્ષતામાં બાર રૂમમાં એસોસિએશનના સભ્યોની જનરલ મીટિંગમાં રાજપીપળાના કોર્ટના જજની કામગીરીથી નારાજ થઈ નર્મદા જિલ્લા બાર એસોસિએશનના તમામ સભ્યો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી અને અચોક્કસ મુદતની હળતાળ પર ઊતરી પોતાની કામગીરીથી અળગા રહેવાનું નક્કી કર્યું હતું. જે મુજબ રાજપીપળા એડિશનલ ચીફ જ્યુડિશિયલ કોર્ટની કામગીરીથી તમામ વકીલોએ અળગા રહી હડતાળ પાડી હતી. જેને લીધે કામગીરી માટે આવેલા લોકો અટવાયા હતા. નર્મદા જિલ્લા બાર એસોસિયેશનનાં પ્રમુખ વંદના ભટ્ટે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લા બાર એસોસિએશન હંમેશાં નિર્વિવાદિત તેમજ વાતાવરણને અનુકૂળ થઈને કામગીરી કરવામાં અને બાર અને બેન્ચના સંબંધો સુમેળભર્યા રહે અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે એ રીતે હંમેશાં કાર્યરત રહે છે. નર્મદા બાર એસોસિયેશન દ્વારા ઠરાવ કર્યા મુજબ એડિશનલ ચીફ જ્યુડિશિયલ કોર્ટની કામગીરીથી અળગા રહી વિરોધ નોંધાવ્યો છે. અન્ય લોકોને તકલીફ ન પડે એ માટે અન્ય કોર્ટમાં કામગીરી ચાલુ છે. માત્ર એક કોર્ટની કામગીરી કરીશું નહીં. અમારી હડતાળ અચોક્કસ મુદતની રહેશે.

## સંક્ષિપ્ત સમાચાર

### નબીપુર સાર્વજનિક ટ્રસ્ટ હોસ્પિટલ ખાતે ફ્રી હૃદયરોગ કેમ્પ યોજાયો



ભરૂચ: ભરૂચના નબીપુર ગામે નબીપુર સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા રવિવારે ફ્રી હૃદયરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં કાર્ડિયોલોજિસ્ટ ડો.કશ્યપ જોશીના નેતૃત્વમાં ભરૂચ એપેક્ષ હોસ્પિટલના સહયોગથી નબીપુર હોસ્પિટલ, નબીપુર ગ્રામ પંચાયત અને નબીપુરના તાલુકા પંચાયતના સભ્ય શકીલ અકુજી દ્વારા આ કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. જેમાં હૃદય રોગને લગતા રોગો જેવા કે છાતીનો દુખાવો, શ્વાસ ચઢવો, પગે સોઝા આવવા, બ્લડ પ્રેશર જેવા રોગોનું નિદાન નિ:શુલ્ક કરાયું હતું. આ કેમ્પમાં ECHO કાઢવાની જરૂરી હોય તેમને ૩૦૦ રૂપિયાના રાહત દરે કરી આપવામાં આવ્યો હતો. આ કેમ્પનો નબીપુર અને આજુબાજુની જનતાએ લાભ લીધો હતો. સમગ્ર કેમ્પ દરમિયાન નબીપુર હોસ્પિટલના સમગ્ર સ્ટાફે અને ઓફિસ ઈનચાર્જ અલીભાઈ કડુજીએ ઉત્કૃષ્ટ સેવાઓ બજાવી હતી.

### અંકલેશ્વરના સરથાણ ગામે અશ્વદોડ સ્પર્ધા



ભરૂચઃ અંકલેશ્વર તાલુકાના સરથાણ ગામ ખાતે એચપી હોર્સગ્રુપ સરથાણ દ્વારા અશ્વદોડ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી અશ્વપ્રેમીઓ મોટી સંખ્યા પધાર્યા હતા અને સ્પર્ધાનો આનંદ લીધો હતો. 30 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ચાલનાર ઘોડાની સ્પર્ધામાં પ્રથમ ઇનામ મેળવનાર ટીપુ કયામ-હાંસોટ, ઇમરાન નાના-કઠોર, 35 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડનાર ઘોડાની પ્રતિયોગિતામાં ઈકબાલભાઈ હાટિયાના ઘોડાનો વિજય થયો હતો. જ્યારે 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડનાર ઘોડાની પ્રતિયોગિતામાં ઇકબાલ ગુલ્લુનો તૈમુર ઘોડો વિજયી થયો હતો. બીજા પર સતીશ ભીખા, ત્રીજા પર અબુબકર ટર્કી વિજેતા થયા હતા. વિજેતા ઘોડાઓના માલિકોનું ટ્રોફી આપી સન્માન કરી ઉત્સાહ વધાર્યો હતો.

### રાજપારડીના માધવપુરા ફળિયામાં જુગાર રમાડનારો એક ઝડપાયો

ભરૂચ, ઝઘડિયાઃ રાજપારડીના માધવપુરા ફળિયામાં વરલી મટકા વડે જુગાર રમાડતા એક ઇસમને ભરૂચ એલસીબીએ ઝડપી લીધો હતો. ભરૂચ એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી. એ વેળા વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. રાજપારડીના માધવપુરા ફળિયામાં રહેતો આશાપુરા જનરલ સ્ટોર પર બેસીને સંજય કાંતિભાઈ વસાવા વરલી મટકા વડે જુગાર રમતો ઝડપાઈ ગયો હતો. તેની પાસેથી અંગજડતીમાં રૂ.૧૮,૫૧૦, એક મોબાઈલ કિં.રૂ.૫૦૦૦ અને આંકડા લખેલી ચિઠ્ઠી, સ્ક્રીન શોર્ટ, પૂઠાંનું બોક્સ મળી કુલ રૂ.૨૩,૫૧૦ સાથે જુગારનાં સાધનો મળી આવ્યાં હતાં. જ્યારે રાજપારડીમાં રહેતો મિનેશ ઉર્ફે ભૂરિયો પટેલ ભાગી છૂટ્યો હતો. આરોપીને રાજપારડી પોલીસને સોંપતાં જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ભરૂચના ભોલાવ બ્રિજ નીચે પાંચ જુગારી ૧૧ હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

ભરૂચઃ ભરૂચ શહેર સી-ડિવિઝન પોલીસે ભોલાવ બ્રિજ નીચેથી જાહેરમાં પત્તા-પાનાં વડે જુગાર રમતાં પાંચને ઝડપી પાડ્યા હતા.
ભરૂચ શહેર સી-ડિવિઝન પોલીસ દારૂ-જુગારની પ્રવૃત્તિને અટકાવવાના ભાગરૂપે પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, ભરૂચના ભોલાવ બ્રિજ નીચે કેટલાક શખ્સો પત્તાં-પાનાં વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. જેના આધારે ભરૂચ શહેર સી-ડિવિઝન પોલીસે રેડ પાડતાં ભોલાવ બ્રિજ નીચેથી અરવિંદ ઈશ્વર બાલિયા (રહે., તળાવ ફળિયું, ભોલાવ, ભરૂચ), ભરત ચંદુ બાલિયા (રહે., તળાવ ફળિયું, ભોલાવ), બાબુ જીવા વસાવા (રહે., અયોધ્યાનગરીની બાજુમાં, ઝૂંપડપટ્ટી, ભરૂચ), મહેશ મગન પટેલ (રહે., દૂધધારા ડેરી પાસે, ઇન્દિરા આવાસ, ભોલાવ) તથા વિનોદ ચીમન વાઘરી (રહે.,તળાવ ફળિયું, ભોલાવ)ને પોલીસે જાહેરમાં પત્તાં-પાનાં વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે તપાસ કરતાં દાવ ઉપરના રૂ.૫૬૮૦ તેમજ અંગજડતીના રૂ.૬૦૦૦ મળી કુલ રૂ.૧૧,૬૮૦નો મુદ્દામાલ તપાસ અર્થે પોલીસે કબજે કર્યો છે. તમામ આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજપીપળામાં વાછરડાને વાહનચાલકે અડફેટે લીધું

**પશુપ્રેમી** યુવાનોએ પશુ ડોક્ટર પાસે સારવાર કરાવતાં જીવ બચ્યો



ભરૂચઃ રાજપીપળાના રાજરોક્ષી પાસે ગાયનું પાંચ દિવસનું વાછરડું અકસ્માત થતાં રસ્તા વચ્ચે તરફડી રહ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો. પરંતુ ત્રણ પશુપ્રેમી યુવાનોએ ગાયને સાઈડ પર લેવા માટે ખૂબ મહેનત કરી હતી. ગાય પોતાના વાછરડાને છોડવા તૈયાર ન હતી. જેથી એક કલાક સુધી ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાના એક કલાક બાદ પશુપ્રેમી ત્રણ યુવાન ગાયને ઘાસચારો બતાવી સાઈડ પર લઈ ગયા હતા અને એક યુવાને વાછરડાને ઊંચકીને ગાય પાસે મૂક્યું હતું. જેના કારણે ટ્રાફિક ખુલ્લો થયો હતો. એ બાદ પશુ ડોક્ટર પાસે સારવાર કરાવતાં વાછરડાનો જીવ બચી ગયો હતો.

## ડેડિયાપાડા-સાગબારા ખાતે સાઇકલ રેલી યોજાઇ




■ ડેડિયાપાડાઃ આધુનિક સમયમાં બિનઆરોગ્યપ્રદ જીવનશૈલી, આધુનિક કાર્યપદ્ધતિના કારણે વધતા જતાં સ્ટ્રેસને કારણે વ્યક્તિમાં બિનચેપી રોગો જેવા કે હાઇપરટેન્શન તેમજ ડાયાબિટિસનું જોખમ વધી રહ્યું છે. લાંબા ગાળે આ રોગોને અટકાવવા જીવનશૈલી બદલવાની ખૂબ જ જરૂર છે. ત્યારે જનજાગૃતિ ફેલાવવાના ભાગરૂપે તા.૧૦/૬/૨૦૨૪ના રોજ આરોગ્ય કચેરી-ડેડિયાપાડા તેમજ સાગબારા ખાતે સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તાલુકાના તમામ કર્મચારીઓ જોડાયા હતા. **(તસવીરઃ દિનેશ વસાવા)**


## મદાફરમાં જુગાર રમતા ૨ જુગારીની ધરપકડ

ભરૂચઃ ભરૂચના કાવી પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, મદાફર ગામે તળાવ પાસે ખુલ્લી જગ્યામાં ટોર્ચ લાઈટના અજવાળે કેટલાક પત્તા-પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમે છે. આથી બાતમીવાળી જગ્યાએ દરોડા પાડી બે ઈસમને રંગેહાથ ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.૧૨,૫૯૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે જુગાર રમતા સલીમ અહેમદ પઠાણ (ઉં.વ.૪૪) તથા અસલમ ગુલામ હલદરવા (ઉં.વ.૩૨) (બંને રહે.,મદાફર) ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય પાંચ જુગારી ફરાર થઈ જતાં તેમની શોધખોળ શરૂ કરી છે.

**ચોમાસામાં નેત્રંગ તાલુકામાં સૌથી વધુ ૪૦થી ૫૦ ઇંચ જેટલો વરસાદ વરસે છે, છતાં જળસંચય નહીંવત**

# વન તળાવો સૂકાભઠ્ઠ, તરસે વન્યજીવ

**વર્ષ** ૨૦૧૮-૨૦૧૯માં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ નેત્રંગ વનવિભાગે તળાવો બનાવ્યાં હતાં, પણ હેતુ સાર્થક થયો નથી


પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ તાલુકાનો મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ અને પથ્થરાળ જમીન હોવાના કારણે ચોમાસાની સિઝન દરમિયાન વરસાદી પાણી જમીનમાં પચવાના બદલે સીધું વહીને દરિયામાં જતું રહે છે. ચોમાસાની સિઝનમાં નેત્રંગ તાલુકામાં સૌથી વધુ ૪૦થી ૫૦ ઈંચ જેટલો વરસાદ વરસે છે. છતાં પણ

જળસંચય નહીંવત છે. જેના કારણે શિયાળાના ચાર માસ વિતી ગયા બાદ ઉનાળાની શરૂઆત થતા જ પંથકભરમાં પાણીનો કકળાટ ચારેતરફ જોવા મળતો હોય છે. જેને લઈ રાજ્ય સરકાર થકી પછાત વિસ્તારોમાં પાણીનો પ્રશ્ન હલ કરવા સુજલામ સુફલામ યોજના થકી જળસંચય થાય એ માટે ગામેગામ નદી, નાળાં, તળાવો, ચેકડેમો ઊંડાં કરવાની યોજના શરૂ કરવામાં છે. આ યોજનાનો શુભ આશય લાખો કરોડો રૂપિયા ખર્ચ કરી જળસંચય કરવાનો રહ્યો છે.

પરંતુ સુજલામ સુફલામ યોજનામાં ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, ઠેકેદારોની મીલીભગતથી ગોબાચારી થતી હોવાથી જળસંચયનાં કામો માથે પડી રહ્યાં છે. નેત્રંગ તાલુકા પંચાયતના એક સભ્યના જણાવ્યા મુજબ નેત્રંગ વનવિભાગ થકી વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં વનતળાવો બનાવવામા આવ્યાં હતાં. જે તમામ આજની તારીખમાં ખાલીખમ પડ્યાં છે. જેના કારણે વન્યપ્રાણીઓ તેમજ પક્ષીઓને પીવાના પાણી માટે ચારેતરફ ફાંફાં મારવા પડે છે. આ વન તળાવોની કામગીરી બાબતે તપાસ થવી જરૂરી છે.

નેત્રંગ વન વિભાગના કાર્ય વિસ્તારમાં આવતા વન ક્ષેત્રમાં હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીમાં વન્ય પ્રાણીઓ, પક્ષીઓ માટે પીવાના પાણીની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે તેવી પ્રજાની માંગ છે.

# અંકલેશ્વરમાં કારમાં દારૂની ખેપ મારનાર ઝડપાયો, રૂ.૧.૮૭ લાખનો મુદ્દામાલ કબજે

**કોસમડી** ગામનો બુટલેગર વિપુલ વસાવા વોન્ટેડ



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર,ભરૂચઃ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર GIDC પોલીસે અંકલેશ્વર-વાલિયા માર્ગ પર કોસમડી ગામના બસ સ્ટેન્ડ નજીકથી વિદેશી દારૂ ભરેલી વૈભવી કાર મળી રૂ. ૧.૮૭ લાખથી વધુના મુદ્દામાલ સાથે એક શખ્સને દબોચી લીધો હતો.

અંકલેશ્વર GIDC પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, વોકક્ષ વેગન વેંટો કાર નંબર GJ-૦૫-JB-૮૪૨૧માં વિદેશી દારૂનો જથ્થો લઈ એક ઈસમ વાલિયા ચોકડી તરફથી કોસમડી ગામ તરફ આપવા આવનાર છે. જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી કાર આવતા પોલીસે તેને અટકાવી તેમાં તપાસ કરતાં વિદેશી દારૂની ૭૧ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૨૮ હજારનો દારૂ અને કાર મળી રૂ. ૧.૮૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સાથે જ સુરત-કામરેજના માછીવાડ રહેતા રમેશ છોટુ ભરૂચાને ઝડપી પાડ્યો હતો. જ્યારે કોસમડી ગામના બુટલેગર વિપુલ વસાવાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.